**સમાજ ના વાર્ષિક અહેવાલ ના ૩જા ક્રમાંકે જણાવેલ પ્રવૃત્તિ માં સમાવેશ કરેલ છે.**

સમાજ દ્વારા ચાલતા અનાજ સહાય કાર્યક્રમ હેઠળ જરુરિયાત મંદ પરિવારોને...

**દર મહિના ના પહેલા શનિવારે સાંજે અને પહેલા રવિવારે સવારે ચાલતા આ કાર્યક્રમ માં આ વર્ષે**

**શ્રીમતી કાદમ્બરી ત્રિવેદી -સીડની ઑસ્ટ્રેલિયા (સમાજ ના પ્રમુખ શ્રી રાજુભાઇ ગાંધી ના શાળી) અને શ્રીમતી શોભનાબેન રાજુભાઇ ગાંધી (સમાજ ના પ્રમુખ શ્રી રાજુભાઇ ગાંધી ના ધર્મપત્ની) દ્વારા સ્ટેન્લેસ સ્ટીલ ના થાળી, વાટકા, ગ્લાસ, ડિશ, ચમચા, વગેરે નું વિતરણ કરવા માં આવ્યું હતું.**

શ્રીમોઢ વણિક સેવા સમાજ – મુંબઇ અંધેરી વતી,

પંકજ ઝવેરી

માનદ મહામંત્રી.

**સમાજ ના વાર્ષિક અહેવાલ ના ૪થા ક્રમાંકે જણાવેલ**

**શૈક્ષણિક લોન સ્કોલરશીપ ફંડ (Education Loan Scholarship Fund)** બાબત્ નીચે મુજબ સુધારો કરવામાં આવ્યો છે.

સમાજ આભારી છે...

**મુખ્ય દાતા અને સમાજ ના ટ્રુસ્ટી શ્રી કિશોરભાઇ માસ્ટર અને તેમના ધર્મપત્ની શ્રીમતી વિશાખાબેન માસ્ટર ના.**

સમાજ ના પ્રયત્નો થી ઉપરોક્ત ફંડ ના પ્રાયોજક તરીકે નામ કરણ કરવા તેઓશ્રીએ સંમતિ આપી છે

**શ્રી કિશોરભાઇ માસ્ટર અને શ્રીમતી વિશાખાબેન માસ્ટર પ્રાયોજીત શૈક્ષણિક લોન સ્કોલરશીપ ફંડ (Education Loan Scholarship Fund)** નામકરણ કરતાં સમસ્ત કાર્યવાહક સમિતિના સભ્યો અને ટ્રુસ્ટીઓ સહર્ષ અનુમોદન આપી ખુશી વ્યક્ત કરે છે.

આપણા સમાજ ના ટ્રસ્ટી અને દાતા એવા **શ્રી કિશોર માસ્ટર અને તેમના ધર્મપત્ની શ્રીમતી વિશાખાબેન માસ્ટર** તરફથી રૂ. ૧૧,૦૦,૦૦૦/- નું માતબર અનુદાન મળ્યું છે. આ લોન સ્કોલરશીપ સમાજ દ્વારા આપવામાં આવશે.

આજની પરિસ્થિતિમાં વધતાં જતાં શૈક્ષણિક ખર્ચા અને ફીસ ને પહોંચી વળવું કપરુ બનતું જાય છે ત્યારે, જે હેતુ અને ભાવના થી **શ્રી કિશોરભાઇ માસ્ટર અને શ્રીમતી વિશાખાબેન માસ્ટર** દ્વારા આ ફંડ ની યોજના સમાજ સમક્ષ મુકી છે તેને વેગ આપી સાચા અર્થમાં મુર્તિમંત કરવા સમાજ ના દરેક સભ્યોએ સંનિષ્ઠ પ્રયત્નો કરવા ના છે. ફંડ માં વધુ ભંડોળ ભેગુ થયે થી વધુ વિદ્યાર્થીઓ ને લાભ આપી શકાશે.

આ લોન સ્કોલરશીપ ને લગતા નિયમો અને અરજી માટે જરુરી સુચના સમાજના મહામંત્રી શ્રી પંકજ જવેરી પાસે ઉપલબ્ધ રહેશે.

સમાજ,**શ્રી કિશોરભાઇ માસ્ટર અને શ્રીમતી વિશાખાબેન માસ્ટર નો હ્રુદય પુર્વક આભાર માને છે**

સમાજ ના અન્ય દાતાઓને આ પ્રવૃત્તિ માં તન – મન- ધન થી જોડાવાનું હાર્દિક આમંત્રણ છે,

શ્રીમોઢ વણિક સેવા સમાજ – મુંબઇ અંધેરી વતી,

પંકજ ઝવેરી

માનદ મહામંત્રી.

# !! અમારી ક્ષમા પ્રાર્થના

# અને

# પ્રીંટ સુધારો વાંચવા વિનંતી !!

## સમાજ ના વાર્ષિક અહેવાલ ના ૬ઠ્ઠા ક્રમાંકે છપાયેલ દાતા ના નામ માં શરત ચુક થઈ છે

## સુધારા સાથે નીચે પ્રમાણે રજુ કરીએ છીએ.

૬. **શૈક્ષણિક સહાય ફંડ** માં શ્રીમતી રાગિણીબેન ભરતભાઇ શેઠ તરફથી સ્વ. શ્રીમતી સુધાબેન શેઠ અને સ્વ. શ્રી ભરતભાઇ શેઠ ની સ્મૃતિમાં રૂ. ૬,૦૦,૦૦૦/- માતબર અનુદાન મળ્યું છે.

તે ઉપરાંત **શ્રી જયકૃષ્ણ કૌશીકભાઇ ગાંધી તરફથી રૂ. ૫,૦૦,૦૦૦/- નું માતબર અનુદાન** તેમના બેન **કુ. કલ્પનાબેન કૌશીકભાઇ ગાંધી અને માતુશ્રી શ્રીમતી ઇલાબેન કૌશીકભાઇ ગાંધી** ના નામે મળ્યું છે.

આ અનુદાન ફંડનો બંન્ને દાતાઓ ની ઇચ્છા પ્રમાણે શૈક્ષણિક સહાય માટે ઉપયોગ કરવામાં આવશે.

સમાજ વતી ભુલચુક સુધારવાનો આ પ્રયાસ છે અને અયોગ્ય રજુઆત માટે હૃદય પુર્વક ની દિલસોજી વ્યક્ત કરવા માં આવે છે તેમજ **શ્રી જયકૃષ્ણ કૌશીકભાઇ ગાંધી ના** સમસ્ત પરિવાર પાસે તેમની લાગણીઓને ઠેસ પહોંચી છે તે બદ્દલ ક્ષમાયાચના કરવામાં આવી છે.

શ્રીમોઢ વણિક સેવા સમાજ – મુંબઇ અંધેરી વતી,

પંકજ ઝવેરી

માનદ મહામંત્રી.